અરજી વેરીફાય કરવાની છેલ્લી તા.૧૫/૦૨/૨૦૧૮

ક્રમાંક: હ–૨/સ્કો/૨૦૧૮/ ૯૮૨૧-૯૯૫૮
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ડૉ.જી. મ. ભવન, બ્લોક નં.૧૨,
ગાંધીનગર
તા.૭/૦૨/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારી શ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા– તમામ

વિષય:– **રાજય સરકારની શિષ્યવૃત્તિ પૈકી ફેલોશિપ શિષ્યવૃત્તિ યોજના, ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ યોજના અને આર્થિક રીતે પછાત વર્ગનાવિધાર્થીઓની ફી માફી યોજના ના ફોર્મ ઓન લાઈન વેરીફાય કરીને ફોરવર્ડ કરવા બાબત..**
**(સને.૨૦૧૭–૧૮)**

સંદર્ભ:– (૧) આ કચેરીના પત્ર ક્રમાંક:હ–૨/સ્કો/૨૦૧૭/૩૫૧૧–૪૦૫૦ તા.૮/૧૧/૨૦૧૭
(૨) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસસીએચ/૧૧૧૬/૫૩૯/છ તા.૧૪/૮/૨૦૧૭
(૩) આ કચેરીના પત્ર ક્રમાંક:હ–૨/સ્કો/૨૦૧૭/૪૧૩૦–૬૩ તા.૨૭/૧૧/૨૦૧૭
(૪) આ કચેરીના પત્ર ક્રમાંક:હ–૨/સ્કો/૨૦૧૭/૪૬૯૫–૪૭૨૮ તા.૨૮/૧૨/૨૦૧૭

ઉપર્યુકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે આપના જિલ્લાની આપના તાબા હેઠળની **સરકારી અને બિન સરકારી માત્ર ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતાં** વિધાર્થીઓને રાજય સરકારશ્રી તરફથી જુદી જુદી શિષ્યવૃત્તિઓ એનાયત કરવામાં આવે છે. જેમાં ઉકત સંદર્ભ દર્શિત પત્રોથી સને.૨૦૧૭–૧૮ના વર્ષની અરજીઓ ઓન લાઈન મોકલી આપવા માટે આ અગાઉ જણાવવામાં આવેલ છે જેમાં અરજી કરવાની છેલ્લી તા.૩૧/૧૨/૨૦૧૭ હતી. જે પૂર્ણ થયેલ છે.

આપના જિલ્લાની સરકારી કે ગ્રાન્ટેડ શાળામાં અભ્યાસ કરતાં વિધાર્થીઓએ તા.૩૧/૧૨/૨૦૧૭ પહેલાં ઓન લાઈન અરજી કરીને જે તે સબંધિત શાળાના લોગીનમાં ફોરવર્ડ કરેલ છે, જે અરજીઓ નિયત સમય મર્યાદામાં મોકલવાની હતી , પરંતુ હજું પણ શાળા કક્ષાએથી ઉપલી ઓથોરીટીને ફોરવર્ડ કરવાની બાકી રહી ગયેલ છે તેવી શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવાનું છે કે આવી વેરીફાય કરીને, ફોરવર્ડ કરવાની બાકી રહી ગયેલ અરજીઓ તાત્કાલિક દિન.૩ ઉપલી ઓથોરીટીને ફોરવર્ડ કરી દેવાની રહેશે અથવા રીજેકટ કરવાપાત્ર અરજીઓ આપની કક્ષાએથી રીજેકટ કરવાની રહેશે. આમ જે તે શાળાના આચાર્યશ્રીઓના લોગીન જે અરજીઓ હજી પણ પેન્ડિંગ છે તેની કામગીરી તા.૧૫/૦૨/૨૦૧૮ પહેલાં પૂરી કરી દેવાની રહેશે. શાળાઓના આચાર્યશ્રીઓને આ બાબતની જાણ કરવા જણાવવામાં આવે છે. તા.૧૫/૦૨/૨૦૧૮ પછી આવી કોઈ અરજી આપના લોગીનમાં બાકી રહી ગઈ હશે તો તેની જે તે જવાબદારી આપની જે તે સબંધિત શાળાની રહેશે. જેની નોંધ લેશો.

નાયબ શિક્ષણ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.ગાંધીનગર

નકલ સવિનય રવાના:–
– સચિવશ્રી, ગુજરાત માધ્ય. અને ઉ.મા.શિ.બોર્ડ, સે.૧૦બી, ગાંધીનગર તરફ શાળાઓને જાણ કરવા માટે બોર્ડની વેબ સાઈટ ઉપર મૂકવા માટે...
– નિયામકશ્રી, કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ....